# -: સૌ રા ષ્ટ્ર યુ નિ વ ર્સિ ટી :-

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની "એકઝામીનેશન ડિસીપ્લીનરી એકશન કમીટી" નાં સર્વે **સભ્યશ્રીઓને આથી જણાવવાનું જુલાઈ-ઓગસ્ટ-૨૦૨૨ માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં** ગેરરીતી/ ગેરવર્તણુંક આચરવાનો જેમની સામે આક્ષેપ છે તેવા પરીક્ષાર્થીઓનાં ગેરરીતી કેસોમાં નિર્ણય લેવા માટે આ કમીટીની સભા તા.૩૦/૦૯/૨૦૨૨, શુક્રવારનાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, યુનિ.રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫ ખાતે મળી હતી જેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે મુજબ હતી.

| ક્રમાંક | સભ્યશ્રીનું નામ | હાજર / ગેરહાજર |
|---|---|---|
| ૧) | ડૉ. ગીરીશભાઇ ભીમાણી - કુલપતિશ્રી | હાજર |
| ૨) | શ્રી નિલેશભાઈ એન. સોની - ઇન્ચાજ કુલસચિવશ્રી | હાજર |
| ૩) | ડૉ. જી.કે.જોશી - નાયબ કુલસચિવશ્રી, લીગલ વિભાગ | હાજર |
| ૪) | ડૉ. કલાધરભાઇ એ. આર્ય | હાજર |
| ૫) | ડૉ.રાજેશભાઈ આર.કાલરીયા | હાજર |

જુલાઈ-૨૦૨૨ તથા ઓગસ્ટ-૨૦૨૨માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં ગેરરીતી/ ગેરવર્તણુંક આચરવાનો જેમની સામે આક્ષેપ હતો તેવા પરીક્ષાર્થીઓની તૈયાર કરેલ યાદી મુજબ કુલ-૨૬ વિદ્યાર્થીઓને ગેરરીતી કેઇસોના આક્ષેપના સંદર્ભમાં રજુઆત કરવા, સાંભળવા અને તેઓને પોતાના બચાવમાં રજુઆત કરવાની તક આપવા માટે રૂબરૂ બોલાવવામાં આવેલ હતા.

આજની એકઝામીનેશન ડીસીપ્લીનરી એકશન કમીટીએ ઉપસ્થિત રહેલા તમામ વિદ્યાર્થીઓના પરીક્ષકના રીપોર્ટની, ઓબ્ઝર્વરના રીપોર્ટની અને જુનિયર સુપરવાઇઝર તેમજ સીનીયર સુપરવાઇઝરના રીપોર્ટની ચકાસણી કરેલ હતી અને ક્રમાનુસાર સંબંધીત વિદ્યાર્થીઓની લેખીત અને મૌખિક બંન્ને રજુઆતો સાંભળી અને તેમના કેઇસોની ચકાસણી કરેલ હતી.

આ સભા સમક્ષ જે વિદ્યાર્થીઓને ગેરરિતી / ગેરવર્તણુંક આચરવાનો આક્ષેપ હતો તેવાં સવારે ૧૧:૩૦ કલાકે કુલ-૨૬ વિદ્યાર્થીઓને બોલાવવામાં આવેલ જેમાથી કુલ-૧૪ વિદ્યાર્થીઓ હાજર રહેલ હતા તેમજ કુલ-૧૨ વિદ્યાર્થીઓ ગેરહાજર રહેલ હતા. ઉપસ્થિત રહેલા તેમજ અનુપસ્થિત રહેલા વિદ્યાર્થીઓને પાઠવવામાં આવેલ આક્ષેપનામું, સુપરવાઇઝરનો રીપોર્ટ, સીનીયર સુપરવાઇઝરનો રીપોર્ટ, ઓબ્ઝર્વર રીપોર્ટ, ઉતરવહી સાથે મળેલ કાપલીઓ / પુસ્તકના પાનાં / ઉતરવહીમાં હસ્તાક્ષર જુદા-જુદા/ વિષય બહારનું લખાણ/ ચલણી નોટ/ વગેરેની ગહનતાપૂર્વક ચકાસણી કરેલ હતી.

વધુમાં ઈ.ડી.એ.સી.ની તા.૦૬/૦૬/૨૦૨૨ની સભામાં થયેલ ઠરાવ થયા અનુસાર **વિધાર્થી પારેખ વંદન દીપકકુમાર ફાર્મસીટીકલ ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ** તા.૩૦/૦૪/૨૦૨૨ના રોજ એમ.પી.એમ. સેમેસ્ટર-૪માં કોપીકેસ થયેલ હતો જે સંદર્ભે તા.૩૦/૦૪/૨૦૨૨ના રોજ એમ.પી.એમ. સેમેસ્ટર-૪ વિષય: ફીઝીકલ ફાર્મસીટીકલ-૨ ની પરીક્ષા દરમ્યાન સુપરવિઝન કરતા બ્લોક સુપરવાઈઝરને નિવેદન માટે આજ રોજ તા.૩૦/૦૯/૨૦૨૨ના રોજ બોલાવવામાં આવેલ હતા અને તેમનું નિવેદન લેવામાં આવેલ હતું.

આ મીટીંગમાં હાજર રહેલા તમામ વિદ્યાર્થીઓના ગેરરીતી કેઇસોને ચકાસીને કામકાજની યાદીના ક્રમ મુજબ ઇ.ડી.એ.સી.ની સભામાં કરેલ નિર્ણય / સજાની વિગતો (જુલાઈ-૨૦૨૨ તથા ઓગસ્ટ-૨૦૨૨ પરીક્ષા) પરીશિષ્ટ મુજબ આ સાથે સામેલ છે.

કુલસચિવ

નં.ક્રમાંક/લીગલ/૨૫૫૧૧/૨૦૨૨.
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિ.રોડ,
રાજકોટ. તા.૩૦/૦૯/૨૦૨૨

પ્રતિ,
એકઝામીનેશન ડીસીપ્લીનરી એકશન કમીટીના સર્વે સભ્યશ્રીઓ તરફ

નકલ રવાના:-
૧. માન.કુલપતિશ્રીનાં અંગત સચિવશ્રી
૨. માન.કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી